# "સંકલિત જીવાત વ્યવસ્થાપન" અંગે ૩ દિવસીય તાલીમ કાર્યક્રમ

કીટકશાસ્ત્ર વિભાગ, બી.એ. કૃષિ મહાવિદ્યાલય અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ,આ.કૃ. યુ. દાહોદના સંયુકત ઉપક્રમે તારીખ ૨૦/૯/૧૬ થી ૨૨/૯/૨૦૧૬ દરમ્યાન ૩ દિવસીય તાલીમ કાર્યક્રમ **"સંકલિત જીવાત વ્યવસ્થાપન"** વિષય પર યોજાયો. ઉપરોક્ત કાર્યક્રમમાં કીટકશાસ્ત્ર વિભાગના ડો.પી.કે.બોરડ, પ્રાધ્યાપક અને વડા, ડો.સી.સી.પટેલ, સંશોધન વૈજ્ઞાનિક, ડૉ. આર. કે. ઠુમર, મદદનીશ પ્રાધ્યાપક, પ્રો. ચિરાગ ધોબી ,મદદનીશ પ્રાધ્યાપક, પ્રો.મીરલ સુથાર, મદદનીશ પ્રાધ્યાપક વગેરે અધિકારીઓએ તેમજ કે.વી.કે. દાહોદના ડો.યુ.એમ.પટેલવરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી પ્રો.એન.કે.રાઠોડ વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ), ડો. એસ.કે.પટેલ વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી), પ્રો.એચ.એલ.કાચા વૈજ્ઞાનિક (બાગાયત), પ્રો.જી.કે.ભાભોર વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) તથા પ્રો.એન.ડી.મકવાણા વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન) દ્વારા ઉપરોક્ત વિષય અંતર્ગત ઝીણવટભરી માહિતી તથા માર્ગદર્શન આપ્યું તેમજ આગામી દિવસોમાં તાલીમ પામેલા ખેડૂતો દ્વારા સંકલિત જીવાત વ્યવસ્થાપનનુ અમલીકરણ થાય તે બાબતમાં ખાસ આયોજન કરી ખેડૂતો વધુમાં વધુ જૈવિક દવાઓનો વપરાશ કરે તેવું આયોજન કરેલ છે. સદર તાલીમ કાર્યક્રમમાં નેલસુર ગામના કુલ ૬૩ તાલીમાર્થીઓએ ભાગ લીધેલહતો.

















कृषि विज्ञान केन्द्र,दाहोद